# ગુજરાત યુનિવર્સિટી

**નં. પરીક્ષા/૩-બ/રજિસ્ટ્રેશન/૬૦૩૬૨/૨૦૧૪**
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**તા. ૨૨-૦૭-૨૦૧૪**

**પરિપત્ર ક્રમાંક : ૧૯૭-A**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કાયદા વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યોઓને જણાવવાનું કે, એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૩-૬-૨૦૧૨નાં ઠરાવ ક્રમાંક નં. ૨(૪૮) તથા તા. ૨૩-૮-૨૦૧૩ના રોજ મળેલ કાયદા વિદ્યાશાખાની કમિટીનાં ઠરાવ મુજબ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરવાનું થાય છે. આપની કૉલેજ/સંસ્થામાં પ્રથમ સેમેસ્ટરમાં તેમજ અન્ય યુનિવર્સિટીમાંથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન ફોર્મ ભરાવીને, જરૂરી બિડાણો લગાવી, નિયત પત્રક અને ફી વિદ્યાર્થીઓએ **તા. ૨-૮-૨૦૧૪ સુધીમાં કૉલેજમાં જમા કરાવવાના રહેશે. અને ત્યાર બાદ કૉલેજોએ આ કાર્યાલયમાં તા. ૮-૮-૨૦૧૪ સુધીમાં જમા કરાવવા જણાવવામાં આવે છે.** ત્યાર બાદ માનનીય કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ રજિસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેશો.

**રજિસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે**

૧. રજિસ્ટ્રેશન ફોર્મની કિંમત રૂ. ૨૫/- અને રજિસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦/- રાખવામાં આવેલ છે. તે મુજબ વિદ્યાર્થીઓ પાસે ભરાવવાનાં રહેશે.

૨. સદર રજિસ્ટ્રેશન ફોર્મ સ્કેન કરવાના હોવાથી વિદ્યાર્થીઓ પાસેથી રજિસ્ટ્રેશન ફોર્મ ખૂબજ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં ભરવાના રહેશે. જેથી નામ કે અન્ય વિગતોનું ખોટું સ્કેનિંગ થાય નહીં.

૩. રજિસ્ટ્રેશન ફોર્મ સાથે સ્નાતકનાં ગુણપત્રકની નકલ આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ હોય તે બીડવાની રહેશે.

૪. વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપનાં લેવલે કરી લેવાની રહેશે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે. રજિસ્ટ્રેશન ફોર્મ જમા કરાવ્યા બાદ પણ કોઈ ક્ષતિ જણાય તો લીધેલ પગલાંની જાણ તાત્કાલીક યુનિવર્સિટીને કરવાની રહેશે.

૫. રજિસ્ટ્રેશન ફોર્મના નીચેના ભાગમાં વિષયો અને કોડની માહિતી કૉલેજ દ્વારા ભરવાની રહેશે. વિદ્યાર્થીએ ભરેલ અન્ય માહિતીની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરી લેવી. જેથી પાછળથી કોઈ સુધારાવધારા માટેની જરૂરિયાત ઊભી થાય નહીં.

૬. બાર કાઉન્સિલ ઑફ ઈંડિયા અને યુનિવર્સિટી નક્કી થયેલ પ્રવેશ ક્ષમતા મુજબ રજિસ્ટ્રેશન કરવામાં આવશે.

૭. ગુજરાત યુનિવર્સિટીના ઑર્ડિ. ૭૦ની જોગવાઈ મુજબ ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડ/યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા અગાઉ આ યુનિવર્સિટીનું **પ્રવેશ યોગ્યતાનું પ્રમાણપત્ર** (PEC) (એલિજિબિલિટી સર્ટિફિકેટ) મેળવવું ફરજિયાત છે. તેની નકલ રજિસ્ટ્રેશન ફોર્મની સાથે બીડવાની રહેશે.

૮. રજિસ્ટ્રેશન ફી ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે. ઑર્ડર "કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯"ના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ/પે. ઑર્ડર બૅંક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે. (DD CTS Code વાળો હોવો જરૂરી છે).

[P.T.O.

૯. **<u>રજિસ્ટ્રેશન ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના</u>** :

(ક) વિદ્યાર્થીનો ફોટોગ્રાફ ચોંટાડવા માટે ફેવિસ્ટિક કે ગુંદરનો જ ઉપયોગ કરવો. ટાંકણી કે સ્ટેપલર પીનનો ઉપયોગ કરવો નહીં.

(ખ) રજિસ્ટ્રેશન ફોર્મ પર દર્શાવેલ નંબરના ક્રમમાં જ વિદ્યાર્થીની માર્કશીટ ગોઠવવી. અને તેના પર રજિસ્ટ્રેશન ફોર્મ પરનો ક્રમ નંબર લખવો. જેથી રજિસ્ટ્રેશનની ક્ષતિ સુધારવામાં સરળતા રહે.

૧૦. રજિસ્ટ્રેશન ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓએ Black & Blue પેનનો જ ઉપયોગ કરવો. શાહી કે પેન્સિલનો ઉપયોગ કરવો નહીં.

૧૧. વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન ફોર્મના દરેક ખાનામાં **CAPITAL LETTER** થી જ લખવા ખાસ સૂચના આપવી.

૧૨. વિદ્યાર્થીઓ પાસેથી ભરાવેલા રજિસ્ટ્રેશન ફોર્મ એ નીચેના નમૂનામાં પત્રકની બે નકલ સાથે આ કાર્યાલયમાં મોકલવાના રહેશે.

**લો ફેકલ્ટી :**

કૉલેજનું નામ :..........................................................................................................................................

| Sr. No. | Roll No. | Candidate's full Name | Subject | Medium |
|---|---|---|---|---|

Sd/-

**(ડૉ. એચ. સી. પટેલ)**
કુલસચિવ

પ્રતિ :

૧. યુનિવર્સિટી સંલગ્ન લો ફેકલ્ટીની તમામ કૉલેજોના આચાર્યો / અધ્યક્ષશ્રીઓ.
૨. પૂછપરછ વિભાગ (ત્રણ નકલ)
૩. ચીફ એકાઉન્ટ્સ ઑફિસર, હિસાબ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.